# મનપાને મિલ્કતવેરાની આવક ૨.૫૦ કરોડ

**નવા સમાવાયેલ વિસ્તારના મિલ્કતવેરાના બાકીદારોને પણ વ્યાજના ભારણમાંથી બચવા મિલ્કતવેરો ભરવા સૂચન**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાકિાને મિલ્કતવેરાની એડવાન્સ વસુલાતમાં અત્યાર સુધીમાં રૂ. ૨.૫૦ કરોડ જેટલી આવક થવા પામી છે.

૧-૪-૨૨ થી એડવાન્સ મિલ્કતવેરો ભરનારને ૧૦ ટકા રિબેટ આપવાની તેમજ ઓનલાઈન વેરો ભરે તો વધુ ૨ ટકા સુધીનું રિબેટ આપવાની યોજનાને આ વખતે સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

મળતી વિગતો પ્રમાણે એડવાન્સ મિલ્કતવેરો અત્યાર સુધીમાં ૬૩૦૦ થી વધુ લોકોએ ભર્યો છે. ગત વર્ષે કોરોનાની મહામારીમાં પણ આ સમયગાળા દરમ્યાન ૪૦ લાખથી વધુની વસુલાત થઈ હતી. જો કે આ પછી આ વળતર યોજનાની મુદતમાં વધારો પણ કરવામાં આવ્યો હતો.

આજે એક દિવસમાં એડવાન્સ મિલ્કતવેરાની આવક રૂ. ૩૮ લાખ જેટલી થઈ હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જી.પી.એમ.સી. એક્ટની જોગવાઈઓ અનુસાર બાકી વેરા ઉપર ૧૮ ટકા સાદુ વ્યાજ લેવાની જોગવાઈ છે જેથી ગાંધીનગર મહાનગરપાલિકામાં નવીન સમાવિષ્ટ વિસ્તારના જે મિલ્કતધારકોનો તા. ૩૧-૩-૨૦૨૨ના રોજ જે તે ગ્રામ પંચાયતમાં વેરો ભરવાનો બાકી હતો તે તમામ મિલકતધારકોએ વ્યાજના ભારણથી બચવા સત્વરે મિલકતવેરાનાં નાણાં ભરપાઈ કરવા વિનંતી છે.

મિલ્કતવેરાના નાણાં ભરપાઈ કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ ગ્રામ પંચાયતની કચેરીઓ જે હવે ગાંધીનગર મહાનગરપાલિકાના તાબા હેઠળની કચેરીઓ છે જેથી જે તે ગામની ગ્રામ પંચાયત કચેરી ખાતે પણ મિલ્કતવેરો વસુલવા અંગેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

નવા સમાવિષ્ટ વિસ્તારમાં મિલ્કતવેરા બીલોનું વિતરણ ટૂંક સમયમાં શરૂ થનાર છે તેમજ નવીન સમાવિષ્ટ વિસ્તારના મિલ્કતધારકોને મિલ્કતવેરાની ચુકવણી સંદર્ભે ટેનામેન્ટ નંબરની માહિતી તેમજ ઓનલાઈન ઓનલાઈન મિલ્કતવેરો ભરવા માટેની ગાઈડલાઈન્સ પણ ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://gandhinagar municipal.com ઉપર મુકવામાં આવેલ છે. આ ઉપરાંત મિલ્કતવેરાને લગતી વધુ માહિતી મેળવવા માટે gmctax8@ gmail.com ઉપર ઈમેલ કરવા વિનંતી છે.

# ગાંધીનગરમાં ભાજપ-કોંગ્રેસની બેઠકોનો ધમધમાટ વધ્યો : રાજકીય માહોલ ગરમાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં આજે વિધાનસભા ચૂંટણી જંગના બે મુખ્ય સ્પર્ધક પક્ષોની યોજાયેલી બેઠકોને પગલે રાજકીય ધમધમાટ વધી જવા પામ્યો છે. જો કે ભાજપ અને કોંગ્રેસ પક્ષની બેઠકો અંગે બન્ને પક્ષોએ મૌન સેવ્યુ છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભા ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં પ્રદેશ આગેવાનો જગદીશ ઠાકોર, ભરતસિંહ સોલંકી, સિદ્ધાર્થ પટેલ સહિતના આગેવાનો અને ધારાસભ્યો હાજર રહ્યા હતા.

કોંગ્રેસ પક્ષે મિડિયાને આ બેઠકથી દૂર રાખ્યુ હતુ. બેઠકમાં રાજકીય સ્થિતિની સમીક્ષાઓ થઈ હોવાનું મનાઈ રહ્યુ છે.

બીજી તરફ ભાજપના પ્રદેશ પ્રભારી ભૂપેન્દ્ર યાદવ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સરકાર તેમજ સંગઠ્નના આગેવાનોની અલગ-અલગ બેઠકો યોજાઈ હતી. જેમાં પણ રાજયની વર્તમાન રાજકીય સ્થિતિને લઈ સમીક્ષાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

બેઠકોમાં થયેલી ચર્ચાઓ અંગે બન્ને પક્ષો દ્વારા મૌન સેવવામાં આવી રહ્યુ છે. જો કે આજની બેઠકો પછી આગામી દિવસોમાં રાજયમાં રાજકીય ગતિવિધિઓ વધુ વેગીલી બનશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

ભાજપે સૌરાષ્ટ્રના વધુ એક ધારાસભ્યનું ઓપરેશન પાર પાડ્યાની વાતો છે તો કોંગ્રેસે પણ હવે તેની સક્રિયતા વધારી છે. દરેક જિલ્લાઓમાં ચિંતન બેઠકોનો દોર સંપન્ન થઈ ગયો છે. હવે કોંગ્રેસ અને ભાજપ બન્ને ચૂંટણીની નવી રણનીતિ તેમજ તેની તૈયારીઓ અંગે છાતી સરખા કાર્ડ રાખી આગળ વધવા માંગે છે અને આ માટેના મન પણ બનાવી લીધા છે.

ગાંધીનગરમાં આજે જે રીતે રાજકીય ગતિવિધિઓનો ધમધમાટ જોવા મળ્યો તેને લઈ વહેલી ચૂંટણીની અટકળો પણ તેજ બની છે.

## ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો ૧ કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ દિવસ બાદ આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. શહેરમાં આજે સતત બીજે દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જિલ્લાના ગાંધીનગર તાલુકામાં ઉવારસદ ગામે એક વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ આ દર્દી સાથે બે દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આજે નોંધાયેલ દર્દીને બે દિવસથી શરદી અને તાવ જણાતાં તેનો ટેસ્ટ કરાવવામાં આવતાં કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં હવે કોરોનાના એક્ટીવ કેસોની સંખ્યા ૧૦થી નીચે પહોંચી ગઈ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

**મહિલાઓની સુવિધા માટે**

# જૂની બસનો સદુપયોગ કરીને અત્યાધુનિક સ્માર્ટ ટોઈલેટ બનાવાયું



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં સેક્ટર-૨૧ ખાતે શાક માર્કેટ અને કોમર્શિયલ માર્કેટ આવેલા છે. આ વિસ્તારમાં મહિલાઓનો ધસારો વધારે રહેતો હોવાથી તેમના માટે અત્યાધુનિક ટોઈલેટ બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. સારા પ્લાસ્ટ પ્રા. લિ.ના સહયોગથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ સુવિધા શરૂ કરવામાં આવી, માન. ડે. મેયર પ્રેમલસિંહ ગોલ તથા સ્ટે. કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ તેમન સેનેટરી સુપ્રિટેંડંટશ્રી સંદિપસિંહ ગોહિલની હાજરીમાં અત્યાધુનિક ટોઈલેટ બસ ખુલ્લી મુકવામાં આવી. આ ઈન્ટિગ્રેટેડ ટોઈલેટ સિસ્ટમ બનાવવા માટે જૂની સ્ક્રેપ્ડ બસને રિનોવેશન કરીને તેનો સદુપયોગ કરવામાં આવ્યો છે.

માત્ર મહિલાઓના ઉપયોગ માટે શરૂ કરવામાં આવેલી આ સુવિધાસભર બસની સંપૂર્ણ સિસ્ટમ સોલાર આધારિત હોવાથી તે ઈકોફ્રેન્ડલી છે. આ ટોઈલેટ ઈન્ટિગ્રેશન સિસ્ટમને 'સ્ત્રી સુવિધા કેન્દ્ર' નામ આપવામાં આવ્યું છે. જેમાં મહિલા કેર ટેકર, સેનેટરી નેપકિન, હેન્ડવોશ, મિરર, વાઈફાઈ, રૂફ ટોપ વેન્ટિલેશન અને ડાયપર ચેન્જિંગ એરિયાની સુવિધા આપવામાં આવી છે. આ બસનો ઉપયોગ સવારે ૮ થી સાંજના ૮ વાગ્યા સુધી ફક્ત મહિલાઓ જ કરી શકશે.

# શહેરમાં મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રીએ પહોંચ્યુ

**વાદળિયા વાતાવરણ બાદ સતત બીજા દિવસે ગરમીનો મિજાજ ઉગ્ર મહત્તમ તાપમાન ૦. ૫ ડીગ્રી વધ્યુ : ગરમીના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત : શ્રમિકોની હાલત દયાજનક : શોપિંગ બજારમાં પણ દિવસે સન્નાટો**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટાના અંતે આજે સતત બીજા દિવસે પણ ગરમીનુ જોર વધ્યુ હતુ. ગઈકાલે મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાયા બાદ આજે ગરમીનો પારો ૪૨ ડીગ્રીએ પહોંચી ગયો હતો જેના લીધે બપોરના સમયે અંગ દઝાડતી ગરમીથી નગરજનો બેબાકળા બની ગયા હતા. ગરમીની અસરથી સેકટરોની શેરીઓમાં સુનકાર પ્રવર્તાયો હતો.હજુ આગામી દિવસોમાં ગરમી ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટા બાદ સતત બીજા દિવસે ગરમીનુ જોર વધ્યુ છે. ગઈકાલે ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો હતો. જયારે આજે પણ મહત્તમ તાપમાન ૦.૫ ડીગ્રી વધતા ગરમી ૪૨ ડીગ્રીએ પહોંચી ગઈ હતી. બપોરના સમયે ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા નગરજનોએ ઘરમાં જ રહેવાનુ પસંદ કર્યુ હતુ. શહેરનુ જનજીવન પણ ગરમીની અસરથી પ્રભાવિત થયુ હતુ. નગરના માર્ગો પર બપોરના સમયે સુનકાર પ્રવર્તાયો હતો. શહેરના શોપિંગ બજારમાં પણ દિવસ દરમિયાન સુનકાર જોવા મળ્યો હતો. એકબાજુ મહતમ તાપમાન ઉપર આવ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાનમાં ૨ ડીગ્રીનો ઘટાડો જોવા મળ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# જાસપુર-સરગાસણના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તાત્કાલિક દુરસ્ત કરવા તાકિદ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવાની વધતી જતી સમસ્યાને લઈ હરકતમાં આવેલ મનપાએ જાસપુર અને સરગાસણના સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તાત્કાલિક દુરસ્ત કરી અસરકારક રીતે પૂર્ણ ક્ષમતા સાથે કામ કરે તે મુજબ પાટનગર યોજનાને જણાવ્યું છે.

આજે સે-૩ની ડ્રેનેજ ઈન્કવાયરી ખાતે ગટર વિભાગના અધિકારીઓ અને સ્થાયી સમિતિના ચેરમેન તેમજ મનપાના અધિકારીઓની બેઠક મળી હતી.

**પૂરી ક્ષમતા સાથે કામ કરે તે જોવા મનપાની તાકીદ : ગટરો ઉભરાવવાની સમસ્યાથી હરકતમાં આવેલ મનપાએ પાટનગર યોજનાના અધિકારીઓ સાથે બેઠક કરી**

આ બેઠકમાં જાસપુર ખાતેનો ગુડાનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ સરગાસણ ખાતે ટ્રીટેડ વોટર રી-યુઝ કરવા માટેનો ૫૦ એમ.એલ.ડી.નો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સત્વરે શરૂ કરી અને પૂર્ણ કરવા પર પણ ખાસ ભાર મુકવામાં આવ્યો હતો.

આ મિટિંગમાં ગાંધીનગર શહેરની હયાત ગટર યોજના

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના મુખ્ય ૧૪ માર્ગોની આસપાસ સર્વિસ રોડ બનાવવા માટે રજુઆત

**મુખ્યમાર્ગોની આસપાસ સર્વિસ રોડના અભાવે વાહનચાલકો રોંગ સાઇડ તેમજ ફુટપાથ પર વાહનો દોડાવે છે : માર્ગ સલામતી પણ જોખમાઇ : સર્વિસ રોડના અભાવે મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ પણ વધ્યુ**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરના સાત ઉભા અને આડા સહીત મુખ્ય ૧૪ માર્ગોની આસપાસ સર્વિસ રોડ બનાવવા માટે નગરના એક જાગૃત નાગરિકે સરકારને રજુઆત કરી છે. શહેરના મુખ્યમાર્ગોની આસપાસ સર્વિસ રોડના અભાવે વારંવાર અકસ્માત થાય છે. જયારે વાહન ચાલકો રોંગ સાઇડમાં જવાની સાથે ફુટપાથ પર વાહનો દોડાવે છે. આ સ્થિતિના લીધે માર્ગ સલામતી જોખમાઇ છે. જયારે સર્વિસ રોડના અભાવે મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ પણ વધ્યુ છે. જેને અનુલક્ષી આ મામલે યોગ્ય આયોજન થાય તે અનિવાર્ય હોવાનુ પણ રજુઆતમાં જણાવાયુ છે.

ગાંધીનગર શહેરના સાત ઉભા અને સાત આડા માર્ગોને અનુલક્ષી સર્વિસ માર્ગ બનાવવા માટે આયોજન કરવુ જોઇએ શહેરના એક જાગૃત નાગરિકે આ અંગે પાટનગર યોજના વિભાગને રજુઆત કરી છે. તેમણે આ અંગે મુખ્યમંત્રી તેમજ નાયબ મુખ્યમંત્રીને પણ રજુઆત કરી છે. શહેરમાં પહોળા અને ખુલ્લા માર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે માર્ગ સલામતી જોખમાઇ છે. જેના લીધે વારંવાર અકસ્માતો સર્જાય છે. જયારે અગાઉના સમયમાં પણ ક્રોસ રસ્તા પર વારંવાર અકસ્માત થતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. માર્ગ સલામતીને જોખમમાં મુકતા પરિબળોને ડામવા પણ અનિવાર્ય છે. આવા સંજોગોમાં માર્ગ અકસ્માતને નિવારવા માટે સર્વિસ રોડનુ નિર્માણ કરવાનુ અનિવાર્ય છે. સર્કલોની નગરી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં મુખ્યમાર્ગો વચાળે સર્કલો છે. જયારે સર્કલ અને સેકટરના સેન્ટ્રલ માર્ગ વચ્ચેના વિસ્તારમાં રહેણાંક ધરાવતા રહીશો રોંગ સાઇડમાં વાહન દોડાવે છે. સર્વિસ રોડના અભાવે ફરીને ન જવુ ન પડે તે માટે રોંગ સાઇડમાં જવાનો રસ્તો અપનાવે છે. જે માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી પુરવાર થાય છે. જમણી બાજુ જવાનુ હોય તેવા સંજોગોમાં મેઇન રોડ પર રોંગ સાઇડમાં વાહન દોડાવે છે. આવી સ્થિતિમાં વારંવાર અકસ્માત પણ સર્જાય છે. જયારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ આ જોખમી સ્થિતિ નિવારવા માટે નગરના મુખ્ય સાત માર્ગો સહીત ઉભા સાત માર્ગો સહીત કુલ ૧૪ મુખ્યમાર્ગોની આસપાસ સર્વિસ રોડ બનાવવા માટે પણ રજુઆતમાં જણાવાયુ છે. સર્વિસ રોડના લીધે મુખ્યમાર્ગ પર ટ્રાફિકનુ ભારણ ઘટશે. જયારે અકસ્માતોનો સિલસિલો પણ અટકાવી શકાશે. સેકટરોના ફરતે કમ્પાઉન્ડ વોલનુ પણ નિર્માણ કરાયુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓએ ફરીને ન જવુ પડે તે માટે ઘણાં ઠેકાણે કમ્પાઉન્ડ વોલમાં પણ ગાબડા કરવામાં આવ્યા છે. જેના લીધે કમ્પાઉન્ડ વોલના ગાબડામાંથી નિકળીને રહીશો સીધા ફુટપાથ પર વાહનો દોડાવે છે. જયાંથી આગળ મુખ્યમાર્ગો પર રોંગ સાઇડમાં વાહનો દોડે છે. શહેરના માર્ગ નં - ૫ પર રોજબરોજ આવા દ્રશ્યો જોવા મળે છે. જયારે આ મુજબના જંકશન પાસે અલબત્ત ચોકડી પાસેના વિસ્તારમાં બમ્પ મુકવાની પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## કોર્ટના સ્ટડી સર્કલમાં ક્રિમિનલ પ્રોસિજર કોડ અંગે રસપ્રદ વકતવ્ય યોજાયુ



ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર જિલ્લા ન્યાયાલયના બાર રૂમમાં આજે સ્ટડી સર્કલનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં અમદાવાદના નિવૃત સરકારી વકીલે ક્રિમિનલ પ્રોસિજર કોડ અંગે રસપ્રદ વકતવ્ય આપી વકીલોને માર્ગદર્શન આપ્યુ હતુ. આ તબક્કે મોટી સંખ્યામાં વકીલોએ તેમના માર્ગદર્શનનો લાભ લીધો હતો.

ગાંધીનગર ડિસ્ટ્રીકટ કોર્ટમાં સ્ટડી સર્કલ ખુલ્લુ મુકવામાં આવ્યુ છે. જયારે આજે ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા કોર્ટના બાર રૂમમાં સ્ટડી સર્કલનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આજે સ્ટડી સર્કલમાં વકતા તરીકે અમદાવાદના નિવૃત સરકારી વકીલ હરિવદનભાઈ ચૌહાણે ક્રિમિનલ પ્રોસિજર કોડ પર રસપ્રદ વકતવ્ય આપ્યુ હતુ. ગાંધીનગર બારના દિલીપસિંહ ગોહીલના માર્ગદર્શન હેઠળ યોગેશભાઈ ભોગીભાઈ ડાભી તરફથી ૩૦ ખુરશીઓ પણ આપવામાં આવી છે. જેને અનુલક્ષી ગાંધીનગર બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ ગોહીલ તેમજ ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલે તેમનો આભાર વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમમાં સિનિયર એડવોકેટ કનુભાઈ રાવલ , રાજભા રાઠોડ વસંત વ્યાસ સહીત મોટી સંખ્યામાં વકીલોએ હાજરી આપી સ્ટડી સર્કલમાં વકતવ્યનો લાભ લીધો હતો. વકીલ ક્રીષ્ના રાવલ તેમજ વિપુલ વાઘેલા તેમજ મુકેશ નાયકે એ સ્ટડી સર્કલના સહાયક તરીકે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે હેતલ પટેલે આભારવિધી કરી હતી. ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ ગોહીલે સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કર્યુ હતુ.

# ગુડાના એલઆઈજી આવાસોના દસ્તાવેજ માટે નોટીસ અપાશે

**એકબાજુ કોરોના કાળ અને મોંઘવારીથી પ્રભાવિત ગરીબ પરિવારોને ભેગુ થતુ નથી ત્યારે દસ્તાવેજ પાછળ ૫૦ હજારનો ખર્ચ કરવો મુશ્કેલ : લાભાર્થીઓમાં આક્રોશ**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળે ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે અત્યાર સધી સેંકડો આવાસોનુ નિર્માણ કર્યુ છે. જયારે ઘણાં સમયથી આ આવાસોમાં એલ આઈ જી પરિવારોનો વસવાટ પણ છે. જયારે હવે ગુડાએ આ લાભાર્થીઓને આવાસ અન્વયે દસ્તાવેજ કરાવી લેવા માટે નોટીસ આપવાનો નિર્ણય લીધો છે. જો કે દસ્તાવેજની પ્રક્રીયામાં અંદાજિત ૫૦ હજાર જેટલો ખર્ચ થતો હોવાના લીધે લાભાર્થીઓ માટે નવી મુંઝવણનો વિષય ઉભો થયો છે. મોંઘવારીમાં પીસાતા ગરીબ પરિવારો માટે દસ્તાવેજના ખર્ચ માટે પણ લોન લેવી પડે તેવી સ્થિતિ છે. કોરોના કાળમાં કપરી હાલતમાં મુકાયેલા લાભાર્થીઓ માટે દસ્તાવેજનો ખર્ચ માથે ઉપાડવાનુ મુશ્કેલ બન્યુ છે. જેના લીધે દસ્તાવેજની પ્રક્રીયામાં પણ કેટલાક લાભાર્થીઓ નિરસતા દાખવી રહ્યા હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ, ચિલોડા, અડાલજ અને સરગાસણ , કુડાસણ વિસ્તારમાં તબક્કાવાર નવા આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં નિર્માણ કરાયેલા આવાસો સંદર્ભે રહીશોએ હજુ દસ્તાવેજ ન કરાવ્યા હોવાનુ પણ ધ્યાને આવી રહ્યુ હોવાથી ગુડાએ આવા કિસ્સામાં દસ્તાવેજ નહી કરાવનારા લાભાર્થીઓને નોટીસ આપવાનો નિર્ણય લીધો છે. દસ્તાવેજની પ્રક્રીયામાં પણ અંદાજિત ૫૦ હજાર જેટલો ખર્ચ થતો હોવાનો રોષ લાભાર્થીઓ ઠાલવી રહ્યા છે. જેના લીધે આ મામલે દસ્તાવેજ કરાવામાં નિરસતા સેવાઈ રહી છે. કોરોનાના કપરા કાળમાંથી પસાર થયા બાદ હાલ કારમી મોંઘવારીના દિવસોમાં લાભાર્થીઓ આ રકમની ચુકવવા માટે પણ સક્ષમ ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે. ત્યારે ગુડાના આ એલ આઈ જી આવાસો અન્વયે દસ્તાવેજની પ્રક્રીયા પણ ખર્ચાળ પુરવાર થતી હોવાનો સુર પ્રબળ બનવાની સાથે લાબાર્થીઓ આ મામલે નિરસતા દાખવી રહ્યા છે. બીજીતરફ ગુડાએ આ મામલે દસ્તાવેજ નહીં કરાવનારા લાભાર્થીઓને નોટીસ આપવાનો નિર્ણય લીધો છે. ટુંકમાં જ નોટીસ આપવાનુ શરૂ કરી દેવાશે અલબત્ત કેટલાક લાભાર્થીઓને બેંક કક્ષાએથી પણ નોટીસ આપવામાં આવી હોવાનુ સ્પષ્ટ થયુ છે. એક બેડરૂમ હોલ કીચનની સુવિધા ધરાવતા મકાનોની જાળવણી કરવામાં પણ ગુડાએ હાથ ઉંચા કરી દીધા છે. જેના લીધે લાભાર્થીઓએ બેંકના હપ્તા ચુકવીને આવાસની જાળવણી માટે પણ ખર્ચ કરવો પડે તેવી સ્થિતિ છે. ત્યારે ઉપરથી દસ્તાવેજ કરાવાની પ્રક્રીયા પણ આર્થિક ફટકો આપે તેવી હોવાના સુર સાથે લાબાર્થીઓમાં પ્રબળ રોષ ઉઠવા પામ્યો છે.


બેસણું



અમારા પિતાશ્રી
લાલભાઈ સારાભાઈ પટેલ
(ગામ - ઉવારસદ, હાલ - ગાંધીનગર)
તા. ૧૮-૪-૨૦૨૨ને સોમવારના રોજ અક્ષરનિવાસી થયા છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૪-૪-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : બલરામ મંદિર પરિસર, ગાંધીનગર કોર્ટની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર
લિ.
ગં.સ્વ. કૈલાસબેન લાલભાઈ પટેલ (પત્ની)
પારૂલબેન નિરંજન પટેલ (પુત્રવધૂ) | નિરંજન લાલભાઈ પટેલ (પુત્ર)
સોનાલીબેન ઉરેનકુમાર પટેલ (પુત્રવધૂ) | ઉરેનકુમાર લાલભાઈ પટેલ (પુત્ર)
(કોર્પોરેટર, ગાંધીનગર મહાનગરપાલિકા) | દેવાંશ – ધ્રુવા – પર્વ
પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
- રાજેશભાઈ, ઉપેન્દ્રભાઈ, કૃણાલભાઈ (અસલાલી)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com